# પશુપાલન

**પ્રશ્ન : વાછરડાં–પાડીયાંનાં યોગ્ય ઉછેર માટે શું કરવું જોઈએ ?**

**જવાબ :** વાછરડાં–પાડીયાંમાં આરોગ્ય જાળવણી સાથે યોગ્ય વૃધ્ધિ મેળવવા નીચે મુજબ કરી શકાય .

- વાછરડાં –પાડીયાંનો જન્મ હવા–ઉજાસ યુકત, સ્વચ્છ, પથારી ધરાવતા વિયાણ ઘર કે કોઢમાં થાય તેવી વ્યવસ્થા કરો.નવજાત વાછરડાં–પાડીયાંના નાભિ–નાળને પેટથી ૩–૪ સે.મી.ના અંતરે નવી બ્લેડ / જંતુરહીત કાતરથી કાપી, ટીકચર આયોડીનથી જંતુરહીત કરી, દોરાથી બાંધો.
- માતા (ગાય–ભેંસ)ના આઉને સાધારણ– ગરમ પાણી થી સાફ કરી વાછરડા–પાંડીયાને ખીરૂં / કરાઠું, જન્મ બાદ વહેલામાં વહેલી તકે ઉપલબ્ધ કરાવો. જરૂર જણાય તો નવજાત બચ્ચાંને ધાવવામાં મદદરૂપ બનો.
- વાછરડાં – પાડીયાંને જન્મના ૩૦ મિનીટની અંદર પહેલીવાર કરાઠું આપવું તેમજ ૪–૫ દિવસ સુધી કરાઠું આપવાથી રોગ પ્રતિકારકશકિત વધે છે તેમજ મરણ પ્રમાણમાં ઘટાડો થાય છે.
- વાછરડાં–પાડીયાંની ૨ અઠવાડીયાની ઉંમરથી ખાણ–દાણ દુધ મિશ્રિતકરીને આપવાની શરૂઆત કરો ત્યારબાદ ધીરે–ધીરે વધારીને ૬ માસની ઉંમરે પશુ દીઠ ૫૦૦ ગ્રામ દૈનિક અને ૬ થી ૧૨ માસ સુધી ૧ કિલો દાણ આપો.
- ત્રણ અઠવાડીયાની ઉંમરથી સારી ગુણવત્તાવાળો સુકો ચારો– સુકો રજકો / મગફળી ગોતર આપવાની શરૂઆત કરી તેનું પ્રમાણ ઉત્તરોત્તર વધારી ખાઈ શકે તેટલું આપો.તેમજ ધીરે–ધીરે લીલો–ઘાસ ચારો પણ નીરવાનું શરૂ કરી ૬ માસે,પશુ દીઠ દૈનિક ૫ કીલો અને ૧૨ માસની ઉંમર સુધી પશુ દીઠ દૈનિક ૮–૧૦ કિલો જેટલું ઉપલબ્ધ કરાવો.

**પ્રશ્ન : દુધાળ ગાયો– ભેંસોમાં દૂધ વધારવા કેવી માવજત આપવી જોઈએ**

**જવાબ :** દુધાળ પશુઓમાં દૂધ વધારવા માટે માવજતનાં નીચે મુજબનાં સુચનો છે.

- દુધાળ પશુને ૨૦ થી ૨૫ કિલો લીલો મિશ્ર (કઠોળ તેમજ ધાન્ય) લીલો ચારો, ૬ થી ૮ કિલો સુકોચારો આપો. શારીરિક નિભાવ માટે ૨ કિલો દાણ તેમજ દુધ ઉત્પાદન માટે ૧ કિલો ઉત્પાદન દીઠ ૫૦૦ ગ્રામ વધારાનું દાણ આપવું જરૂરી છે.
- ગરમી (તાપ),વરસાદ,પવન થી રક્ષણ મળે તેવું ઓછા ખર્ચ વાળું સ્વચ્છ, હવા ઉજાસ વાળું આરામદાયક રહેઠાણ/ કોઢમાં પશુ રાખો અને પશુ–દીઠ ૫૦ થી ૬૦ ચો.ફુટ જગ્યા આપો.દુધાળ પશુને દરરોજ એક વખત હાથીઓ કરવો અને ભેંસને ઉનાળામાં બપોરે એક વખત નવડાવવી.
- દોહન પૂર્વે ૦.૦૫ ટકા પોટેશિયમ પરમેંગેનેટ વાળા હુંફાળા પાણીથી આઉ ધોવું તેમજ બે

દોહન વચ્ચેનો ગાળો ૧૨ કલાકનો સરખો રાખી, અંગુઠા વાળ્યા વિના સંપૂર્ણ દોહન કરવું.

- ◆ સ્વચ્છ અને ગુણવતાવાળું દૂધ મેળવવા સ્વચ્છ નિરોગી પશુ તેમજ તેમનું રહેઠાણ પણ સ્વચ્છ હોય તે જરૂરી છે. દોહનારે નિરોગી રહી, હાથ ધોઈને દોહન કરવું દુધ માટે વપરાતા વાસણો હુંફાળા–ગરમ પાણી અને વોશિંગ પાવડરથી ધોયેલા, સુર્ય–પ્રકાશમાં સુકાવી ને વાપરો.
- ◆ દુધમાં ચરબીની ટકાવારી જાળવવા કે વધારવા ભેંસોનાં આહારમાં કપાસિયા, મગફળી, સોયાબીન કે નાળીયેરના ખોળનો ઉપયોગ કરી શકાય.

**પ્રશ્ન : ગાયો– ભેંસોમાં નિયમિત અને વહેલું વિયાણ મેળવવા શું કરવું જોઈએ**

**જવાબ :** ગાયો– ભેંસોમાં નિયમિત અને વહેલું વિયાણ મેળવવા નીચે મુજબ કરી શકાય .

- ◆ દુધાળ પશુ વિયાણના ૧.૫ થી ૨ માસ બાદ ગરમી/વેતરમાં આવતા થાય છે ત્યારથી ગરમીનાં લક્ષણો માટે દૈનિક બે વખત પશુનું નિરીક્ષણ કરો તેમજ સંવર્ધન કરવો.વિયાણ અને ગરમી/વેતરની તારીખોની નોધ રાખો.
- ◆ વિયાણનાં ૫–૬ માસનાં સમય સુધીમાં તે સગર્ભા બને તથા ૧૪–૧૬ માસના અંતરે નિયમિત વિયાણ થતાં જીવનકાળ દરમ્યાન વધુમાં વધુ બચ્ચાં અને દૂધ ઉત્પાદન મેળવી શકાય.

**પ્રશ્ન : વોડકી–ખડેલીઓમાં વહેલું વિયાણ મેળવવા શું કરી શકાય**

**જવાબ :** વોડકી–ખડેલીઓમાં વહેલું વિયાણ મેળવવા નીચે મુજબ કરી શકાય .

- ◆ વોડકી–ખડેલી ૨૪– ૨૭ માસ( ૨– ૨.૨૫ વર્ષ)ની ઉંમરે વેતરે (ગરમીમાં) આવતી થાય છે. દૈનિક સવાર સાંજ ગરમી/તાપ માટે નિરીક્ષણ કરો અને ગરમી/વેતરની તારીખોની નોધ રાખો. અઢી–ત્રણ વર્ષની ઉંમરે, ૨૫૦ કિગ્રા શારીરિક વજને ફેળવી શકાય છે.
- ◆ ગાભણ થયા બાદ, વિયાણનાં ત્રણેક માસ અગાઉ થી તેમને રોજનું ૨ થી ૨.૫ કિલો દાણ, ૧૫ થી ૨૦ કિલો લીલો–મિશ્ર ચારો અને ખાઈ શકે તેટલો સુકો ચારો આપો.
- ◆ વિયાણનાં ૧૦–૧૫ દિવસ પૂર્વેથી દૂઝણી ગાયો–ભેંસોની સાથે રાખી હાથીયો કરી,આઉ–આંચળ પર હાથ ફેરવો.

**પ્રશ્ન :વસુકેલ સગર્ભા ગાયો– ભેંસોને કેવી માવજત આપવી જોઈએ**

**જવાબ :** વસુકેલ સગર્ભા ગાયો– ભેંસોની માવજતનાં નીચે મુજબનાં સુચનો છે.

- ◆ અગ્રવતી સગર્ભા ગાયો–ભેંસોને વિયાણનાં ૨–૩ માસ પહેલા વસુકાવો. ઓછામાં ઓછો ૩૦ કિલો લીલો–મીશ્ર ચારો (કઠોળ તેમજ ધાન્ય વર્ગ),૧–૨કિલો ખાણ–દાણ શરીર

નિભાવ માટે તથા ૨ થી ૩ કિલો ખાણ–દાણ શરીરમાં શક્તિ સંચય,ગર્ભ અને આઉ વિકાસ માટે તથા ખાઈ શકે તેટલો સુકો ચારોઆપવો જોઈએ.

- ◆ વસુકેલ સમય–ગાળામાં પશુને કૃમિનાશક દવા, પશુ ચિકિત્સકની સલાહ મુજબ અપાવો.અગ્રવર્તી સગર્ભા પશુને લાંબા અંતર માટે ચલાવો નહિ. તેમને દોડાવાથી કે મારવા–અતિ ઉશ્કેરવાથી તરવાઈ જવાનો ભય રહે છે.

**પ્રશ્ન : પશુ સંવર્ધન–સુધારણા અને માટે ધણખુંટ–પાડાની માવજત અંગે શું કરવું જોઈએ**

**જવાબ :** પશુ સંવર્ધન–સુધારણા અને ધણખુંટ–પાડાની માવજતનાં નીચે મુજબનાં સુચનો છે.

- ◆ પશુ સંવર્ધન–સુધારણામાં સાંઢ–પાડાનો ફાળો વિશેષ હોય છેં.કુદરતી સંવર્ધન અથવા કૃત્રિમ બીજદા માટે સાંઢ–પાડાની પસંદગી તેની માતાના દુધ–ઉત્પાદન ધ્યાને લ ઈ અથવા ઉચ્ચ ગુણવત્તાવાળા સાંઢ–પાડાના ઉપયોગથી જન્મેલ વાછરડી–પાડીઓ જ્યારે પુખ્ત વયની થઈ વિયાણ થયા બાદ તેમની દુધ ઉત્પાદન ક્ષમતા તેમજ શારીરીક લક્ષણો–વૃધ્ધિના આધારે કરવી જોઈએ.
- ◆ સાંઢ–પાડાને સમતોલ દાણ મિશ્રણ ૩ કિલો, લીલો કઠોળ વર્ગનો ચારો તથા ધાન્ય વર્ગનો ચારો મિશ્ર કરી ૨૦ થી ૨૫ કિલો તેમજ ખાઈ શકે તેટલો સૂકો ચારો આપવો જોઈએ. ધણખુંટ–પાડાને નિયમિત કસરત મળે અને દૈનિક હાથિઓ કરવાથી તેઓ વધુ કાર્યક્ષમ રહે છે.

**પ્રશ્ન : ઢોર / ગાય–ભેંસને આફરો ચડયો હોય ત્યારે શું સારવાર આપવી**

**જવાબ :** જો ગાય–ભેંસને આફરો ચડયો હોય તો સૌપ્રથમ તેમને ઘરગથ્થું ઉપાય તરીકે ૫૦૦ ગ્રામ ખાવાનું તેલ પીવડાવવું જોઈએ અને શકય હોય તો ૨૦–૨૫ મીલી ટર્પેન્ટાઈન તેલ ઉમેરી ઢ ેારને પીવડાવવથી આફરામાં રાહત થાય છે.

**પ્રશ્ન : ગાયો–ભેંસોને કયા – કયા રોગ સામે રસી મુકાવવી જોઈએ.**

**જવાબ :** ગાયો–ભેંસોને ખરવા – મોવાસા ની રસી ઓકટોબર અને એપ્રિલ માસ માં મુકાવવી તથા ગળ સુંઢા અને ગાંઠીયા તાવની રસી મે માસનાં અંતમાં અથવા જૂન માસના પ્રથમ અઠવાડિયામાં મુકાવવી જોઈએ .

**પ્રશ્ન : ગાય–ભેંસ ગરમીમાં આવે પછી બીજદાન કયારે કરાવવું તથા ઢોર બંધાઈ ગયા પછી કયારે ગર્ભ નિદાન કરાવવું**

**જવાબ :** ગાય–ભેંસ ગરમીનાં લક્ષણો બતાવવાનું શરૂ કરે ત્યાર પછી ૧૦ કલાક બાદ બીજદાન કરવું હિતાવહ છે. જેથી સગર્ભા થવાની શકયતા વધે છે. તથા ફેળવ્યા / બીજદાનની તારીખ બે થી

અઢી માસ બાદ ગર્ભ નિદાન કરાવી શકાય.

**પ્રશ્ન : વિયાણ બાદ દુધાળ પશુને ક્યારે ફેળવવું તથા સગર્ભા બનેલ પશુને ક્યારે દોહવાનું બંધ કરવું જોઈએ**

જવાબ : દુધાળ પશુ વિયાણના ૧.૫ થી ૨ માસ બાદ ગરમી/વેતરમાં આવતા થાય છે ત્યારથી ગરમીનાં લક્ષણો માટે દૈનિક બે વખત પશુનું નિરીક્ષણ કરો તેમજ ૩ – ૪ માસનાં આરામ બાદ સંવર્ધન કરવો. ગાભણ ઢોરને (અગ્રવતી સગર્ભા ગાયો–ભેંસોને) ૭ – ૮ માસનો ગર્ભ (વિયાણનાં ૨–૩ માસ પહેલા ) વસુકાવો.જેથી બચ્ચાનો પૂર્ણ થાય અને પછીનાં વેતરમાં દૂધ ઉત્પાદન જળવાઈ રહે.